કીમત ૦-૧-૩. સોદાગર. સને ૧૮૮૭.

સ્ટાન્ડર્ડ કાપી બુક.

३२३२

નંબર ૫.

સને ૧૮૬૭ના ૨૫મા આક્ટ પ્રમાણે રજીસ્ટરનો હક્ક લીધો છે.

Registered under Act XXV of 1867.

[illegible] સુરત “સોદાગર પ્રેસ” [illegible]

આ કાપી બુક સઘળા સરકારી તથા ખાનગી બુક ડીપોમાંથી [illegible] મળશે

LEASE OF GROUND.

ગણોતનામું.

સંવત ૧૯૪૦ના ચૈત્ર સુદ ૩જે વાર શનેઊ, તા૰ ૨૯ મી માર્ચ સને ૧૮૮૪ અંગ્રેજી દિને તાલુકે જલાલપુરનું ગામ મોજે મટવાડના રહેનાર શા૰ લખ્મા દેવાજી જાતના શ્રાવક વાણિઆ ઉમ્મર આશરે વર્ષ ૬૫ના ધંધા-આગણીનો, જોગ લી૰ એજ ગામ વાસી ટંડેલ માખ્ખા ગોવન જાતના કોળી ઉમ્મર આશરે વર્ષ ૬૦ની ધંધો વહાણ ફેરવવાનો જત લખી આપું છું કે, તમારા લેણામાં મારી મિલકત તમને કબજાગીરો આપી છે. એ મિલકત પેહતર મારા કબજા વહીવટમાં ચાલી આવેલી, તે ગીરોના હક તમારા કબજામાં આપેલી, તે ગણોતના હકથી મારા જમાં લીધી છે. તેની વીગત—ડિસ્ટ્રિક્ટ સુરત સબ ડિસ્ટ્રિક્ટ જલાલપુરનું ગામ મોજે કરાડીમાં મારા નામે સરકારી ચડખાતું છે, તે પૈકી નીચે મુજબનો જમીન સર્વે જાતના હક સહિત

સર્વે નંબર.	જમીનની જાત.	એકર.	આકાર	એમાંથી કેટલી.	ઉત્તર	દક્ષિણ.	પુર્વ.	પશ્ચિમ.
૧૫	જરાયત.	૨—૧૯	૧૩—૮	તમામ	ખાંજણ.	ખાંજણ.	ખાંજણ.	પૂર્ણા નદી.

ઉપર મુજબની મિલકત સર્વે જાતના હક સહિત તમારી પાસેથી ગણોત તથા કિરાયા માટે વરસ ૧ના ગણોતના રૂપિઆ ૧૫) અંકે પંદર કંપની સિક્કાના હરસાલ જેઠ સુદ ૩જે આપવા સાહી. એ જમીનના સરકાર ધારાના રૂપિઆ મારે ભરવા સાહી. એ જમીન અમો થોડીએ અગર પડતર રાખીએ, પાકે અગર ન પાકે. કાંઈ આસમાની સુલતાની આફત લાગે, તોપણ અમારે તમને ઉપર લખેલા ગણોતના રૂપિઆ ઉપરની ઠરાવેલી મિતિએ આપવા સાહી. એ જમીનની હદ નિશાન અમારે રાખવી સાહી. તેમજ ખાતર પુંજો વિગેરે નાંખી જે દુરસ્ત કરવાનું હશે, તે દુરસ્ત કરવું સાહી. સદરહુ ગણોતના રૂપિઆ ઉપરની મિતિએ નહિ આપું, ને મિતિ ચુકાય, તો તે મિલકત તમો અમારા કબજામાંથી લઈ બીજાને ગણોતે આપવા મુખત્યાર છો. તે વખતે કબજા સબંધી મારી તકરાર ચાલશે નહિ. સદરહુ ગણોતના રૂપિઆ સંબંધી તમારે ફરિયાદ કરવી પડે, તો તે ફરિયાદીના ખર્ચ સહિત મારી જાતથી તથા વંશવારસોથી તથા મારી સર્વ તરેહની મિલકતથી વસુલ કરવા તમે મુખત્યાર છો. આ દસ્તાવેજ અમે અમારી રાજીખુશીથી, અક્કલ હોશિઆરીથી, ભિન કે અને તનદુરસ્તીથી લખી આપ્યો છે, તે કબુલ મંજુર સાહી. દા૰ કલ્યાણજી વસનજીના છે.

અત્ર ______ મતું | તત્ર ______ શાખ.
ટંડેલ માખ્ખા ગોવન મતું ઉપર લખ્યા પ્રમાણે સહી દા૰ પોતાના છે. | ૧ દેવચંદ જેચંદ શાખ દા૰ પોતાના.
| ૧ રામસિંગ અમરસિંગ શાખ દા૰ પોતાના.

WILL.

વિલનામું.

સંવત ૧૯૪૦ના ચૈત્ર સુદ ૩જે વાર શનેઊ, તારીખ ૨૯મી માર્ચ સને ૧૮૮૪ અંગ્રેજી દિને કરમ ગાઉદેવીના

૩૨૩૨

અહોનિશ સત્ય બોલવું, એ માણસનું કર્તવ્ય છે.

अहोनिश सत्य बोलवुं, ए माणसनुं कर्तव्य छे.

આસ્ટ્રેલિઆમાં અંગ્રેજો ઇ.સ.૧૭૭૮ માં વસવા મંડ્યા.

ઇંગ્લાંડની શ્રેષ્ઠતા ત્યાંની વિદ્યા અને કળાથી છે.

આસ્ટ્રેલિઆમાં અંગ્રેજો ઇ.સ.૧૭૭૮માં વસવા મંડ્યા.

ઇંગ્લાંડની શ્રેષ્ઠતા ત્યાંની વિદ્યા અને કળાથી છે.

ઈશ્વર દયાળુ છે, અને મનુષ્યનો મુક્તિદાતા છે

ઉત્તર અમેરિકાનાં ૧૩ સંસ્થાનો ૧૭૭૬ થી સ્વતંત્ર છે

ईश्वर दयाळु छे, अने मनुष्यनो मुक्तिदाता छे.

उत्तर अमेरिकानां १३ संस्थानो १७७६ थी स्वतंत्र छे.

ऊंटने बे ढेका होयछे, एवां ऊंट गोबीना रणमां थायछे.

एणियो सारामां सारो सकोट्रा बेटमां थायछे.

ऊंटने बेठेका होयछे, एवां ऊंट गोबीना रणमां थायछे.

एळियो सारामां सारो सकोट्रा बेटमां थायछे.

ऐतिहासिक बाबतनो संबंध अर्थशास्त्र साथे छे.

ओतावा, ए नामनी नदीपर कानडानुं मुख्य शेहेर छे

ऐतिहासिक बाबतनो संबंध अर्थशास्त्र साथे छे.

ओतावा, ए नामनी नदीपर कानडानुं मुख्य शेहेर छे.

ઓટ્રામે ૧૮૫૭માં લખનૌમાંના અંગ્રેજ કેદીને છોડ્યા.

અંગ્રેજી રાજ્યમાં કદિ પણ સૂરજ આથમતો નથી

ओट्रामे १८५७मां लखनौमांना अंग्रेज केदीने छोडव्या.

अंग्रेजी राज्यमां कांइ पण सूरज आथमतो नथी.

क्लैवे प्लासीनी लडाई जीती; ब्रिटिशराज्य स्थाप्युं.

खैबर घाटथी अंग्रेज सेना अफ्घानिस्तानमां पेठी

क्लैवे प्लासीनी लडाई जीती, ब्रिटिशराज्य स्थाप्युं.

खैबर घाटथी अंग्रेजी सेना अफघानिस्तानमां पेठी.

ગિનીમાં મનરોવિઆ શેહેર અમેરિકન લોકનું છે.

ચીનાએ છાપવાની કળા, બારૂત ને હોકાયંત્ર શોધ્યાં.

गिनीमां मनरोविआ शेहेर अमेरिकन लोकनुं छे

चीनाए छापखानी कळा, बारुत ने होकायंत्र शोध्यां

છપ્પન કોટિ જાદવોના નાશનું મૂળ મદિરાજ છે.

જર્મન પ્રજાથી વધારે ઉદ્યોગી પ્રજા બીજી કોઈ નથી

छप्पनकोटि जादवोना नाशनुं मूळ मश्करीज छे.

जर्मन प्रजाथी वधारे उद्योगी प्रजा बीजी कोई नथी.

टपाल खातामां केटलीक सोई लॉर्ड डलहोसीए कीधी.

ठार, बरफ, करा, ए वराळ नां संकोचित रूप छे.

ટપાલખાતામાં કેટલીક સોઈ લૉર્ડ ડલહોસીએ કીધી.

ઠાર, બરફ, કરા, એ વરાળનાં સંકોચિત રૂપ છે.

ડલહૌસીની કારકીર્દિમાં હિંદમાં રેલવેનો પ્રારંભ થયો

ઢાકા શેહેર, તેની મલમલને માટે પ્રખ્યાત છે.

डलहौसीनी कारकीर्दिमां हिंदमां रेलवेनो प्रारंभ थयो.

ढाका शेहेर, तेनी मलमलने माटे प्रख्यात छे.

પરપાર્કરના ઉમરકોટ શેહેરમાં અકબર જન્મ્યો હતો.

ધનના કરતાં વિદ્યાની કિંમત હંમેશા વધારેજ થશે.

थरपार्करना उमरकोट शेहेरमां अकबर जन्म्यो हतो.

धनना करतां विद्यानी किंमत हंमेशा वधारेज थशे.

नौकाशास्त्रना अभ्यासथी कोलम्बसे अमेरिका शोध्यो

नौकाशास्त्रना अभ्यासथी कोलम्बसे अमेरिका शोध्यो.

રહેનાર શા૦ વીમા હીરાજી જાતના વીશા પોરવાડ વાણિઆ ઉમ્મર આસરે વર્ષ ૪૫ની. ધંધો વ્યાપારનો, હાલ કામમાં મારી તબીઅત સારી છે, પણ દુનિઆમાં જે કોઈ પેદા થયું, તેને મરવું હક છે એમ જાણી, [illegible] અંદેશાનો વિચાર કરી આ મારૂ છેલ્લું વિલ, યાને વસિયતનામું કરૂં છું.

૧. મારે પેટે છોકરો નથી. મારા સગામાં મારી મા, બાઈ લક્ષ્મી તથા મારી બેન નામે લલિતા તથા એ મારી બેનનો છોકરો દુલ્લભ જોગાજી તથા મારી છોકરી જમના, તથા મારી ભાભી અમૃત. એ રીતે હાલ હયાત છે તેમાં મારી માતા વૃદ્ધ થએલાં છે, અને મારી છોકરી સગીર છે. વળી મારો ભાણેજ દુલ્લભ પુખ્ત છતાં લાયક ઉમરના અને વેપાર રોજગારમાં ઘણો હોંશિઆર છે, તથા મારી મિલકત તથા મારા લેણદેણનો વહીવટ કરી શકે એવો લાયક છે, એટલુંજ નહિ પણ તેના ઉપર મારી મમતા ઘણી છે.

૨. મારી મિલકતમાં સ્થાવર ને જંગમ મળી છે, તે નીચે મુજબ:—

૨૨) કસબે ગણદેવીમાં છજેરી છાપરૂં ૧ તથા એને લગતી ખુલ્લી જમીન તેમાંના ઝાડો સાથે [illegible] હગાજીમાંથી ખરીદ કરેલી કિંમત રૂ ૨૨) બાવીશની. પૂર્વે સરિયામ પશ્ચિમે લુહાર દુલ્લભ નાનાનું છાપરૂં તથા ઉત્તર અને દક્ષિણે સરિયામ છે.

૯૦) કસબા મજકૂરના ઘાંચીવાડામાં ઘર ૧ તેના વાડા તથા તેના લાગતા વળગતા હકો સાથેનું [illegible] રૂપિઆ ૯૦) ની કિંમતનું હગાજી પાસેથી મેં ખરીદ કરેલું. દક્ષિણે આગલું બારણું તથા પશ્ચિમ ઉત્તર એ ઘરના વાડો, [illegible] મીઠાંની વાડની હદ, પૂર્વે પારશી રતનજી કુવરજીનું ઘર અને પશ્ચિમે તાઈ [illegible] ફતેહનું ઘર છે.

૪૧) કસબા મજકૂરના રહેનાર ગોલા લક્ષ્મીદાસ [illegible] પાસે લેણું રૂ. ૪૨) [illegible] તેની બાબત તેનું કસબા મજકૂરનું ઘર ગીરો છે ને તે બાબતનો લેખ તેણે મને લખી આપ્યો છે.

૪૫૧) કસબે ગણદેવીના રહેનાર [illegible] પાસે લેણું રૂ ૪૫૧નું છે. તેના બદલામાં તેનું ઘર ગીરો છે, કે જે બાબતનો લેખ તેણે મને લખી આપ્યો છે.

૮૬૧ કસબે ગણદેવીના રહેનાર [illegible] હુસેન પાસે લેણા રૂ ૮૬૧ [illegible]થી છે. તેનો દસ્તાવેજ છે.

૧૨૫) કસબે ગણદેવીના રહેનાર દુલભ [illegible] પાસે લેણું રૂ ૧૨૫નું છે. તેમાં તેણે તેનું ઘર કસબા મજકૂરમાંનું લખી આપ્યું છે.

૧૫) કસબા મજકૂરના રહેનાર [illegible] હુસેન વિગેરે પાસે લેણું રૂ ૧૫)નું છે. તેમાં તેણે તેનું ઘર કસબા મજકૂરમાંનું લખી આપ્યું છે.

એ સિવાય સામાદસ્કત ખાતાવહીના ખાતાથી તથા રોજમેળ ખાતાવહીથી લોકો પાસે મારૂં કેટલુંક લેણું છે. ઘરમાં પેઢી પેટારા વિગેરે રાચરચીલું, અને રોકડ પુંજી ઉપર મુજબ મારી મિલકત છે. તે મિલકતનો હું જીવું ત્યાં સુધી વહીવટ કરૂં, ને હું ગુજરી ગયા બાદ એ તમામ મિલકતનો નીચે મુજબ વહીવટ ચલાવવો.

૩ મારા મુઆ બાદ એ તમામ મીલકત મારી બેહેનના છોકરા દુલભ જોગાજીએ માલિકપણાના હકથી પોતાના કબજામાં લઈ હું જેવી રીતે વહીવટ કરતો તેવી રીતે તેણે [illegible] વહીવટ ચલાવવા તેમાં કોઈથી હરકત થાય નહિ.

૪) જો પ્રભુ સત્તાથી હું [illegible] ગુજરી જાઉં, અને મારી છોકરી જમનાનું [illegible] કરવું રહી જાય તો તે મારા ભાણેજ દુલભ જોગાજીએ કરવું અને તે લાયક ઉમરની થાય, ત્યારે ઉપર જણાવેલી મારી પુંજીમાંથી રૂપીઆ [illegible] એક [illegible] હજાર છોકરીને આપવા.

૫) હું [illegible] મારી [illegible] રૂપીઆ [illegible] માલિક મારા ભાણેજ દુલભ જોગાજીને મેં કર્યો છે. માટે તેણે [illegible] મિલકત લેવી, અને તેમાંથી નીચે લખ્યા પ્રમાણે [illegible] રૂપીઆ તે [illegible] જે હું આપવાનો ઠરાવ કરૂં છું તે

આપવા.

૨૦૦૦) મારી બેન નામે માની છે, તેનાં લુગડાં લત્તા સારૂ ૧૦૦૦) અંકે એક હજાર આપવા. એ રૂપિઆ તેની મરજીમાં આવે તે રીતે વાપરવા તે મુખત્યાર છે.

૧૦૦૦) મારા ધર્મનું દેવળ જે ગામડીમાં છે, અને જેની હું હંમેશ પૂજા કરતો, તથા જેના પ્રતાપથી મને ઉપર મુજબની પુંજી મળી છે, તે દેવળમાં રૂ૦ ૧૦૦૦) અંકે એક હજાર આપવા, તે એવી રીતે કે, એ રૂપિઆ વ્યાજે મુકી તેનું વ્યાજ આવે તેમાંથી દર વર્ષે કારતક સુદ ૧૫ ને રોજે મારા નીમેલા પાંચ ગામના લોકોને સંતર્પીને જમાડવા.

૨૦૦) મારા નામથી વ્યાજે મુકી, તેના વ્યાજમાંથી દર સાલ ભાદરવા સુદ ૩ ને રોજે પારણું જમાડવું. એ સિવાય હું મુવા બાદ એ દુલભ જાગાજીએ પોતાની જાતિ પ્રમાણે મારો મૈયત ખર્ચ કરવો, અને રૂપિયા ૨૦૦ સુધી ખરચવા. હું મુવા બાદ મારી મા બાઈ લક્ષ્મી જે બુઢ્ઢી ઉમરની છે, તે, ને મારી મામી અમૃત કે જે મારી સાથે રહેતી હતી, તેને દુલભ મજકુરે પોતાના સાથે રાખી ખોરાકી પોષાકી પુરી પાડવી, તથા મારી છોકરી જમના લાયક ઉમરની થાય, ત્યાં સુધી તેનું પોષણ કરવું. અને તેનો કંઈ ખરચ ખુટણ આવે, તે તેને આપવો, ને રૂ ૨૦૦૦) આપવા. ઠરાવેલી હયાતી બાદ ઉપર મુજબની વ્યવસ્થા કરવા, મેં આ વિલ યાને વસિયતનામું કર્યું છે તેમાંથી એ દુલભ મજકુરે જેવી રીતનો હું માલિક મુખત્યાર છું, તેવી રીતે માલિકપણાથી મારી તમામ મિલ્કત તથા પૈસા પાસેથી લેણું વસુલ કરવાનો જે ઠરાવ કર્યો છે, તે સિવાયનું કાયમ રહે. તેનો ઉપયોગ દુલભ મજકુરે પોતાની મરજી માફક કરવો. તેમાં મારા ભાગીઆઓ તરફથી હરકત થાય નહિ. મારે કોઈનું દેવું નથી, અને જે જે લોકો પાસે મારૂં લેણું છે, તે લેવાને એ દુલભ મજકુર જાય, તેને કોઈથી હરકત થાય નહિ અને જે કોઈ વાંધો કરે તો તે આ વિલનામાંથી રદ થાય સહી.

આ વિલ યાને વસિયતનામું મેં મારી રાજી ખુશી તથા અક્કલ હોંશિઆરીથી તથા તનદુરસ્તીથી લખી આપ્યું છે, તે કબુલ મંજુર સહી. દા૦ ભીમભાઈ દુલભજી.

અત્ર ——— મતું		નત્ર ——— સાખ.
શા. ભીખા લીંબજી મતું ઉપર લખ્યા પ્રમાણે સહી	૧	શા. નેઠા અમરાજી સાખ દા૦ પોતાના.

RECEIPT

પાવતી અથવા પહોંચ.

સંવત ૧૯૪૦ના ચઈત્ર શુદ ૫ ને વાર સોમે તારીખ ૩૧મી માર્ચ સને ૧૮૮૪ અંગ્રેજી દિને તાલુકે જલાલપુરનું ગામ મોજે અબ્રામાના રેહેનાર શા૦ લખાજી જીવાજી જાતના શ્રાવક વાણિઆ ઉમર આશરે વર્ષ ૫૫ની ખંધાગુનો. જત હું કરું નવસારીના શા૦ વીરચંદ પ્રેમજી જાતના શ્રાવક વાણિઆ ઉમર આશરે વર્ષ ૩૦ની ખંધાગુનો. હું તમોને લખી આપું છું કે, તમોએ આજ રોજે મારી દુકાનેથી નીચે મુજબનો સામાન લીધો તેની વિગત—

૬૫) ખાંડ મણ ૧૦) દસ દર મણ એકના ૬॥ લેખે રૂ૦ ૬૫) પાંસઠની.

૪૧) ઘઉં ગાળી ૧) દર ગાળીના રૂ ૪૧) એકતાળીસ.

૨૫) ચોખા મણ ૨૦) વીસ દર મણના રૂ ૧। લેખે રૂ ૨૫) પચીશના.

એના નાણાં રોકડે રોકડાં આજ રોજે તમોએ મને ગણી આપ્યા છે તે મને પહોંચ્યા છે અને તેની રસીદ યાને પહોંચ યાને પાવતી લખી આપી છે તે કબુલ મંજુર છે દા૦ નેમચંદ મોતીશાહના છે.

અત્ર ——— મતું.		નત્ર ——— સાખ.
શા૦ વીરચંદ પ્રેમજી મતુ ઉપર લખ્યા પ્રમાણે સહી દા૦ પોતાના છે.	૨.	ઈશાભાઈ મનાયજી સુરજી સાખ દા૦ પોતાના.